# સરકારી પોલીટેકનિક , વઘઇ ખાતે માર્ગ સલામતી અવેરનેશ સેમિનાર નું આયોજન



**ગુજરાત સત્તા પ્રતિનિધિ**

ડાંગ જિલ્લા ના વઘઇ ખાતે આવેલ સરકારી પોલીટેકનિક વઘઇ ખાતે ૩૨માં માર્ગ સલામતી સપ્તાહ અન્વયે તા.૧૬/૦૨/૨૦૨૧ નાં રોજ આર. ટી. ઓ. આહવા નાં સહયોગ માં માર્ગ સલામતી માટે નો અવેરનેશ સેમિનાર નું આયોજન કરવા માં આવેલ.હાલ ના સમયે લોકો વાહનો ચલાવે છે પરંતુ વાહન ચલાવતી વખતે શું સાવચેતી રાખવી જેથી અકસ્માત ના થાય અને અકસ્માત થાય તો કયા પગલાં લેવા એનાથી અજાણ રહે છે. જે અંગે જાગૃતિ ફેલાય એ હેતુ થી આર. ટી.ઓ. ઓફિસ આહવા - ડાંગ ના સહયોગથી તા.૧૬/૦૨/૨૦૨૧ના રોજ સેમિનાર નું પણ આયોજન કરેલ .જે કાર્યક્રમ માં આર.ટી.ઓ. ઓફિસ ,વઘઇ ના અધિકારી શ્રી રાકેશ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગે ની ખુબ જ ઉપયોગી જાણકારી આપી હતી.આપણે કઈ રીતે અકસ્માત નિવારી શકીએ , અકસ્માત કયા કારણોસર થાય છે તેમજ અકસ્માત થાય તો કયા પગલાં લેવા એના વિશે વિસ્તૃત માહિતી આપવા માં આવેલ.તેમજ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરી કરી એમને મુંઝવતા પ્રશ્નો નો પણ ઉકેલ આપ્યો હતો.ત્યારબાદ સંસ્થા નાં આચાર્ય શ્રી.કેતન ડી. પટેલ દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમ ની પૂર્ણાહુતિ કરવા માં આવેલ.સમગ્ર કાર્યક્રમ માં સરકારશ્રી ની કોવિડ-૧૯ ની ગાઇડલાઇન પાલન કરવામાં આવેલ. ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમ નું આયોજન શ્રીમતી .એમ.બી.પટેલ વ્યાખ્યાતા (ગણિત) તેમજ આર.ટી.ઓ.કચેરી આહવા દ્વારા કરવા માં આવેલ.